સત્યમેવ જયતે

ડો. એચ. કે. ભાવસાર
અધિક નિયામક (તબીબી સેવાઓ)

ક્રમાંકઃ - એ.બી.- પી.એમ.જે.એ.વાય./ લાભ/ ૧૯
કમિશ્નરશ્રી ,આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (પ.ક.), બ્લોક નં.૪, ૧લો માળ,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તા- ૯-૦૫-૨૦૧૯

પ્રતિ,

- પ્રોજેક્ટ હેડ, એમ. ડી. ઇન્ડીયા હેલ્થ ઈન્સ્યોરન્સ, ટી.પી.એ. પ્રા.લિ., ગાંધીનગર.
- સ્ટેટ મેનેજર, ઓરિએન્ટલ ઇન્સ્યોરન્સ કંપની, ગાંધીનગર.

વિષય- "મા" / "મા વાત્સલ્ય" અને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત ગવર્નમેન્ટ રિઝર્વ કરેલ પ્રોસિજરો બાબત.

સંદર્ભઃ- કમિશ્નરશ્રી (આરોગ્ય) ની ફાઇલ પર મળેલ મંજુરી અન્વયે.

ઉપરોકત વિષય પરત્વે આપશ્રીને જણાવવાનું કે, ગુજરાત મુખ્યમંત્રી અમૃતમ (મા) / મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય અને આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ પ્રાથમિક, સેકન્ડરી અને ટર્શરી સારવાર માટે કુલ ૧૮૦૫ પ્રોસિજરો માટે વાર્ષિક રૂા. ૫ (પાંચ) લાખ સુધીનો કેશલેસ લાભ આપવામાં આવે છે.

"મા" અને પી.એમ.જે.એ.વાય. હેઠળ મેડિકલ પ્રોસિઝરોનો દુરૂપયોગ ન થાય તે હેતુ નીચે મુજબની સ્પેશ્યાલીટીને ગવર્નમેન્ટ રિઝર્વ કરવામાં આવે છે.

- ક્લસ્ટર નં.- ૨૧ – જનરલ મેડિસીન
- ક્લસ્ટર નં.- ૨૨ – મેન્ટલ ડિસોર્ડર પેકેજીસ
- ક્લસ્ટર નં.- ૨૪ – પિડિયાટ્રીક મેડિકલ મેનેજમેન્ટ
- ક્લસ્ટર નં.- ૨૫ – નીઓનેટલ પેકેજીસ

વધુમાં ઓબ્સ્ટેટ્રીક અને ગાયનેકોલોજી સ્પેશ્યાલીટીમાં (પ્રોસિજર નં.- '૧૭.૧', '૧૭.૭', '૧૭.૯', '૧૭.૧૦', '૧૭.૨૩') જેવી હિસ્ટેરેક્ટોમીની પ્રોસિજરોની ખોટી પ્રેક્ટિસને અટકાવવા માટે મહિલાઓના આરોગ્યના હિતને ધ્યાનમાં રાખી "મા" યોજના અને પી.એમ.જે.એ.વાય હેઠળ હિસ્ટેરેક્ટોમીની પ્રોસિજરને પણ હાલમાં ગવર્નમેન્ટ રિઝર્વ કરવામાં આવે છે.

જે લાભાર્થીઓના ઉક્ત સારવાર માટે સોફ્ટવેરમાં રજીસ્ટ્રેશન થઇ ગયેલ હોય તેમના ક્લેઇમ માન્ય રાખવામાં આવશે. જેની નોંધ લેશો.

અધિક નિયામક (ત.સે.)
આરોગ્ય તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ (આ.વિ)
ગાંધીનગર.

નકલ રવાના:-

- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી – તમામ – જાણ તથા અમલવારી સારૂ...
- મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી – તમામ – જાણ તથા અમલવારી સારૂ...
- મ્યુનિસિપલ હેલ્થ ઓફિસરશ્રી - તમામ - જાણ તથા અમલવારી સારૂ...
- મેનેજર, એન .કોડ .સોલ્યુશન્સ, એ .ડિવિઝન ઓફ જી.એન.એફ.સી., ગીફ્ટ સીટી, ગાંધીનગર.
- તમામ નેટવર્ક હોસ્પિટલો.